
NHS



## NHS 111
## એક મફત સેવા છે
## જે દિવસમાં 24 કલાક,
## અઠવાડિયામાં 7 દિવસ ખુલ્લી છે.

જો તમને તબીબી સહાયની જરૂર હોય, પરંતુ તે ઇમર્જન્સી ન હોય, તો તમે મદદ અને સલાહ માટે **www.111.nhs.uk** ની મુલાકાત કરી શકો છો અથવા **111** નંબર પર ફોન કરી શકો છો.



TOGETHER WE CAN STAY HEALTHY

## કર્કલિસમાં આરોગ્ય સંભાળ સેવાઓ માટે આ તમારી માર્ગદર્શિકા છે, અને એમાં સમાવિષ્ટ છે...

- કોરોનાવાયરસ માર્ગદર્શન
- તમારી ફાર્મસીની મુલાકાત ક્યારે લેવી અને તેઓ જે સેવાઓ પ્રદાન કરે છે તે
- NHS 111 નો ઉપયોગ ક્યારે કરવો
- તમારા ડોક્ટરની મુલાકાત કયારે લેવી
- A&E ની મુલાકાત કયારે લેવી



**togetherwe-can.com**

# કોરોનાવાઇરસ



જો તમે અથવા તમે જેની સાથે રહો છો તેમને કોરોનાવાયરસના લક્ષણો હોય, તો તમારે બધાએ ઘરે રહેવું, સેલ્ફ આઇસોલેટ કરવું અને www.nhs.uk/coronavirus અથવા 119 પર કોલ કરીને ઓનલાઇન પરીક્ષણ બુક કરવું આવશ્યક છે. તમારે જીપી પાસે, ફાર્મસી અથવા હોસ્પિટલમાં ન જવું જોઈએ.

જો તમને શ્વાસ લેવામાં મુશ્કેલી હોય અથવા તમે ચાર અઠવાડિયા પછી પણ અસ્વસ્થતા અનુભવો છો તો ૧૧૧ સેવાનો ઉપયોગ કરો અથવા તમારા જીપીને ફોન કરો.



નવીનતમ એનએચએસ માહિતી માટે મુલાકાત કરો
www.nhs.uk/coronavirus

## જો તમને રસી આપવામાં આવી હોય, તો પણ તે મહત્વપૂર્ણ છે...



લોકોને જગ્યા આપો



ઇન્ડોર્સ જ્યાં જરૂરી હોય ત્યાં માસ્ક પહેરો



જ્યાં શક્ય હોય ત્યાં લોકોને બહાર મળો



NHS

## શું તમે અસ્વસ્થતા અનુભવો છો અને તમને ખાતરી નથી કે કઈ સ્થાનિક આરોગ્ય સેવાનો ઉપયોગ કરવો?

સ્થાનિક આરોગ્ય સેવાઓની માહિતી માટે મુલાકાત કરો **togetherwe-can.com**



TOGETHER WE CAN STAY HEALTHY

Working in partnership
NHS Calderdale CCG
NHS Kirklees CCG

NHS

# સલામ. નમસ્તે! કર્ડલિસ

તમને જયારે મેડિકલ સહાય કે સલાહની જરૂર હોય ત્યારે યોગ્ય સેવાની પસંદગી કરવામાં તમને મદદ કરવા, તમારી સ્થાનિક નેશનલ હેલ્થ સર્વિસ દ્વારા તમારી પાસે લાવવામાં આવેલ 'ટુગેધર વી કેન' સેવા અહીં હાજર છે.

અમે તમને અને તમારા પરિવારને સુખી, તંદુરસ્ત અને સંતુષ્ટ અનુભવવામાં મદદ કરવા હાજર છીએ.

TOGETHER WE CAN
STAY HEALTHY

# તમારી લોકલ ફાર્મસી

## તમારા કોમ્યુનિટી ફાર્મસિસ્ટ ઉચ્ચ તાલીમ મેળવેલ એક હેલ્થ કેર વ્યાવસાયિક હોય છે.

ફાર્મસિસ્ટ તમને ઝડપથી આરોગ્યને લગતી સલાહ આપી શકે છે. તેઓ તમને ઘણી બધી સામાન્ય બીમારીઓ સંબંધી સારવારને લગતી સલાહ આપશે અને તમારે તમારા જીપીને વાત કરવાની જરૂર છે કે કેમ તે જણાવશે.

- ✓ શરદી
- ✓ કાનનો દુ:ખાવો
- ✓ ગળામાં સોઝો
- ✓ એથલિટસ ફુટ
- ✓ થ્રશ (છાલું)
- ✓ હે ફિવર
- ✓ બંધ નાક
- ✓ મચકોડ અથવા આંચકો
- ✓ મોર્નિન્ગ આફટર પિલ
- ✓ અળાઇઓ / ચામડીને લગતી તકલીફો

**તમારી લોકલ ફાર્મસીમાં તમે:**

• પેરાસીટામોલ, કફ મિક્ષ્ચર, ફલૂમાં રાહત આપતી દવાઓ, સૂઝેલા ગળા માટેની ટેબલેટો ખરીદી શકો છો • તમારું મફત NHS ફલૂ ઇંજેકશન લઇ શકો છો • સામાન્ય આરોગ્ય સલાહ મેળવી શકો છો • પ્રિસ્કીપ્શન અને કાઉન્ટર પરની દવાઓ વિષે તમારા સવાલોના જવાબ મેળવી શકો છો

**શું તમે તમારું મેડિસિન બોક્ષ ભરી લીધું છે અને દવાઓ ખલાસ થઇ જાય તે પહેલાં તમારું પ્રિસ્કીપ્શન ઓર્ડર કરી આપ્યું છે?**

# તમારા ડોક્ટરની સર્જરી

## તમારા ડોક્ટરની સર્જરી ખુલ્લી છે અને તમારા માટે હાજર છે.

કોરોનાવાયરસ રોગચાળા દરમિયાન દરેકને સુરક્ષિત રાખવા માટે, તમારી પ્રારંભિક અપૉઇન્ટમેન્ટ ટેલિફોન પર અથવા વિડિઓ કોલ દ્વારા હોઇ શકે છે. જો તમારા જીપીને તમને રૂબરૂ જોવાની જરૂર હશે તો, તમને સર્જરીમાં બોલાવવામાં આવશે.

**રાહ જોવાનું ટાળો**
તમારા જીપીની સર્જરીની વેબસાઇટ મારફતે ઓનલાઇન સેવાઓનો ઉપયોગ કરો અથવા NHS App જેવી Appનો ઉપયોગ કરી તમારા પ્રિસ્કીપ્શનની દવાઓ અને અન્ય વસ્તુઓ મંગાવો!

**અમે હજી અહીં હાજર છીએ**
તમે બુક કરાવેલી ચેકઅપ કે નાની શસ્ત્રક્રિયા માટેની કોઇ પણ અપૉઇન્ટમેન્ટમાં સમયસર પહોંચી જાઓ, સિવાય કે અમે તમારો સંપર્ક કરીએ.

# તમારો A&E વિભાગ

## તમારો એ એન્ડ ઇ વિભાગ આ સમયે ખૂબ વ્યસ્ત છે. કૃપા કરીને ફક્ત જીવલેણ કટોકટી હોય તો જ ત્યાં પહોંચો.

બેભાન થઇ જવું
છાતીમાં દુખાવો
શ્વાસ લેવામાં મુશ્કેલીઓ
ગંભીર રક્તસ્રાવ
ગંભીર એલર્જિક આડઅસરો
ગંભીર રીતે બળી કે દાઝી જવું
સ્ટ્રોકનાં લક્ષણો
હાડકાંની ભાંગતૂટ સહિત, ગંભીર ઇજાઓ

જો તમે ચોક્કસ ન હોય તો, NHS 111 સેવાનો ઉપયોગ કરો. એ મફત છે, અને તેઓ તમને, ચોવીસે કલાક, અઠવાડિયાના સાતે દિવસ, તાત્કાલિક મેડિકલ સલાહ આપી શકે છે.

ઉપલબ્ધ લોકલ હેલ્થ સપોર્ટ સેવાઓ માટે મુલાકાત કરો:

togetherwe-can.com